पुनाा International School

Shree Swaminarayan Gurukul, Zundal

| PA 3 EXAM 2020-21 | | | | | |
|---|---|---|---|---|---|
| Student's Name | | | | | |
| Date | | Grade | IX | Roll No. | |
| Subject | Gujarati | Marks | 50 | Teacher's Sign | |

## Section – A (READING SKILL)

**Q-1(અ) નીચેનો ફકરો વાંચી તેનાં પ્રશ્નોનાં જવાબ સાચો વિકલ્પ પસંદ કરી લખો. [ 4 MARKS ]**

વૃક્ષો અન્યના સુખને માટે છાંયડો આપે છે. પોતે તાપમાં તપીને અસહ્ય ગરમી વેઠીને બીજાને પોતાના ફળ આપે છે. પરોપકારી મનુષ્યો એવાજ હોય છે. જો આ નાશવંત કાયાનો ઉપયોગ પરોપકારાર્થે ન થવાનો હોય તો તેની ઉપયોગિતા શી ? સુખડ જેમ વધારે ઘસાય તેમ વધારે સુવાસ આપે, શેરડી જેમ વધારે પિલાય તેમ વધારે રસ આપે, સોનું જેમ વધારે તપે તેમ વધારે ચળકાટ ધારણ કરે. ઉદાર મનુષ્યો પ્રાણાન્તે પણ પોતાના સદગુણો તજતા નથી. જગત તેમની સ્તુતિ કરે કે ન કરે તેઓ શ્રીમંત હોય કે ગરીબ, તેઓ અલ્પાયુ હોય કે દીર્ઘાયું, તેઓ પોતાના માર્ગમાથી ચલિત થતા નથી. જે બીજાના માટે જીવતા નથી તેનું જીવન નિરર્થક છે. જીવવા ખાતર જીવવુ એ તો કાગડાનું જીવન. જેઓ સૃષ્ટિના કલ્યાણમાં પ્રાણ પાથરે છે. તેઓ પોતાનું જીવન સાર્થક કરે છે.

1 પરોપકારી મનુષ્યોને કોની સાથે સરખાવ્યા છે ?

અ) સુખડના વૃક્ષ સાથે  બ) છાંયડા સાથે  ક) વૃક્ષો સાથે

2 કોનું જીવન નિરર્થક છે ?

અ) જે સૃષ્ટિનું કલ્યાણ કરે છે.  બ) જીવવા ખાતર જીવે છે  ક) બીજાના માટે નથી જીવતા

3 સોનું તપાવવાથી શું થાય ?

અ) વધારે સુવાસ આપે  બ) વધારે ચળકાટ આપે  ક) વધારે રસ આપે

4 ઉદાર મનુષ્યોની વિશેષતા શી છે ?

અ) તેઓ શ્રીમંત હોય છે  બ) તેઓ દીર્ઘાયુ હોય છે

ક) તેઓ પોતાના સદગુણો તજતા નથી.

**Q-1(બ) નીચેનો ફકરો વાંચી તેનાં પ્રશ્નોનાં જવાબ લખો. [ 4 MARKS ]**

હવાનું પ્રદૂષણ, પાણીનુ પ્રદૂષણ તેમ અવાજનું પ્રદૂષણ પણ દિનપ્રતિદિન વધતુ જાય છે. આ એક ચિંતાનો વિષય છે. ઘરમાં શાળામાં,સભામાં કે રમતના મેદાનમાં મોટેથી વાતો કરવી એ કુટેવ છે. એવી જ રીતે રેડિયો કે ટેલિવિઝનનો અવાજ મોટો રાખવો એ શિષ્ટાચારની વિરુધ્ધ છે. નવરાત્રિ કે લગ્નપ્રસંગે રાતે

મોડે સુધી કાનનાં પડદા તોડી નાખે એવો લાઉડસ્પીકરનો અવાજ રાખવો એ સામાજિક દૂષણ છે. અવાજનું પ્રદૂષણ ઘટાડવું એ શું આપણા હાથમાં નથી ? આવો, આપણે સાથે મળી અવાજનું પ્રદૂષણ ઘટાડવાનો સંકલ્પ કરીએ. આપણે ઘર, શાળા, સભા, કે મેદાન પર શાંતિ જાળવીશું. રેડિયો અને ટેલિવિઝનનો અવાજ બહુ ધીમો રાખીશું. નવરાત્રિ કે લગ્ન જેવા પ્રસંગે લાઉડસ્પીકરનો મર્યાદિત ઉપયોગ કરીશું.

1 અવાજનું પ્રદુષણ ઘટાડવા આપણે ક્યો સંકલ્પ કરીશું ?

2 આપણા સૌ માટે ચિંતાનું ક્યું કારણ છે ?

3 શું કરવુ શિષ્ટાચારની વિરુદ્ધ છે?

4 ક્યા પ્રસંગોએ રાતે મોડા સુધી લાઉડસ્પીકરનો ઉપયોગ થાય છે ?

**Q-2(અ) નીચે આપેલા વિષયોમાથી કોઇપણ એક વિષય પર આશરે 200 શબ્દોમાં નિબંધ લખો.** **[ 7 MARKS ]**

1 વૃક્ષ આપણા જીવનદાતા

2 મારો પ્રિય તહેવાર

3 રમત ગમતનું મહત્વ

**અથવા**

**નીચે આપેલા મુદ્દાઓ પરથી વાર્તા લખો.**

**એક ખેડૂત – ચાર દીકરા – દીકરા આળસુ – ખેડૂતને ચિંતા – ખેડૂતની માંદગી – ચારે દીકરાઓને બોલાવવા – 'ખેતરમાં રૂપિયા ભરેલા ચરું છે' એમ કહેવું – અવસાન – દીકરાઓએ ખેતર ખોદી કાઢવું –રૂપિયા ન મળવા – બી વાવવા – સારો પાક થવો – શિખામણ**

## Section C

### ( Grammar )

**Q-3(અ) કૌંસમાં આપેલ સૂચના મુજબ કરો.** **[5 MARKS]**

1 હું સત્ય બોલું છું. (ક્રિયાપદ લખો )

2 કૃષ્ણ ગોપીઓ સાથે રાસ રમતા હતા. ( ક્રિયાપદ લખો )

3 પક્ષી ઝાડ ઉપર બેઠું છે. ( વચન બદલો )

4 છોકરાઓ મેદાનમાં રમતા હતાં. ( વચન બદલો )

5 રાણી , ઘોડો ( જાતિ બદલો )

**Q-3(બ) નીચેના વાક્યોને સુધારીને ફરીથી લખો.** **[3 MARKS]**

1 વિનોદ રમત રમતું હતું.

2 અહીં શુદ્ધ ગાયનું ઘી મળે છે.

3 રામનું પત્ની ના નામ સીતા હતું.

**Q-3(ક) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.** **[3 MARKS]**

અતિથિ , ઇશ્વર

2 **નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.**

સંયોગ , પ્રાચીન

3 **નીચેના રૂઢિપ્રયોગોના અર્થ લખો**

1 કાન પકડવો

2 હાથ ઝાલવો

# Section C

## ( Literature Text Book )

**Q-4(અ) નીચેનો ફકરો વાંચી તેનાં પ્રશ્નોનાં જવાબ લખો.** **[ 4 MARKS ]**

હવે સફરુદ્દીન ચાચા માત્ર નિશાળના છોકરાંઓને લાવવા – મૂકવા સિવાય ગાડી ચલાવતા નથી, પણ મોહ્યુદીન ચેતકને લઇ ફેરા વધારતો જ રહ્યો, પરિણામે ચાચા આટલા વર્ષે જે ન કરી શક્યા તે મોહ્યુદીન થોડા જ સમયમાં કરી શક્યો. જૂની ખુરશી, જૂના કબાટ અને જૂના ખાટલાને સ્થાને બધું નવું આવ્યું. ઘરની રોનક બદલાઇ ગઇ. સગાસબંધી પણ કહેવા માંડ્યા. ‘ મોહ્યુદીન સાચો દીકરો નીકળ્યો. મા-બાપને સુખી કર્યા.’ આવુ સાંભળી મોહ્યુ મલકાઇ જતો. સૌનુ તેના તરફ ધ્યાન જતુ. ચાચાના છાના નિસાસા તરફ નજર ન પડતી.

1 સગાસંબંધી શું કહેતા હતા ?

2 સફરુદીન ચાચા માત્ર કોને લાવવા લઇ જવા ગાડી ચલાવતા ?

3 ઘરમાં કઇ કઇ વસ્તુઓ જૂની હતી ?

4 ઘરની રોનક શા કારણે બદલાઇ ગઇ ?

**Q-4(બ) નીચેનામાથી કોઇપણ બે પ્રશ્નોના કારણો આપો. [ 4 MARKS ]**

1 લેખકે પ્રસન્નતાને ચમત્કાર કહ્યો છે કારણ કે .....

2 લેખકે માથા પર ટોપી ધારણ કરવા માંડી કારણ કે .......

3 લીલા ચાંદાને અવનવા પ્રલોભનો આપતી કારણ કે ........

**Q-5(અ) નીચેનામાથી કોઇપણ ત્રણ પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો. [ 4 MARKS ]**

1 લેખકે કેવી રીતે મન મનાવી લીધુ ?

2 કાબર ક્યા કુળનુ પંખી છે ?

3 પ્રસન્નતા એટલે શું ?

4 નીરજના ક્યા પ્રસ્તાવથી લીલાને ફાળ પડી ?

**Q-5(બ) નીચેનામાથી કોઇપણ બે પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર આપો. [ 8 MARKS ]**

1 ‘મારે ઘેર જવું છે’ વાર્તાનું શીર્ષક તમારી ભાષામાં સમજાવો. આ શીર્ષક કઇ રીતે યોગ્ય લાગે છે તે સમજાવો.

2 ટાલનિવારણ માટે લેખકે કરેલા પ્રયત્નો વર્ણવો

3 કાબરના રૂપ – રંગ અને શરીરનું વર્ણન કરો.

**Q-6 નીચેની કાવ્યપંક્તિઓ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. [ 4 MARKS ]**

હરિનો મારગ છે શૂરાનો
　　નહિ કાયરનું કામ જોને
પરથમ પહેલું મસ્તક મૂકી
　　વળતી લેવુ નામ જોને
સૂત વિત દાસ શીશ સમર્પે.
　　તે પામે રસ પીવા જોને
સિન્ધુ મધ્યે મોતી લેવા
　　માંહી પડ્યા મરજીવા જોને.

1 ક્યા લોકો હરિરસ પ્રાપ્તકરી શકે ?

2 મરજીવાના દ્રષ્ટાંત દ્વારા કવિ શું કહેવા માંગે છે ?

3 કવિએ હરિનો મારગ શૂરાનો સાથી કહ્યો છે ?

4 ઉપરની પંક્તિઓ ક્યા કાવ્યની છે ? તેના કવિનું નામ લખો.